હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના બહેન ફરીથી લોકડાઉન નથી થયું અને સબજી મળવાની બંધ નથી થઈ... પણ ! તો છોકરાઓની ગેઈમ પબજી બંધ થઈ....

જિલ્લાની નવ કન્સ્ટ્રકશન સાઈટ પાસેથી ૪૫ હજારનો દંડ વસુલાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા મેલેરિયાતંત્રની ટીમોએ આજે વિવિધ કન્સ્ટ્રકશન સાઈટો પર ત્રાટકી અને મચ્છરોના પોરા મળતાં ૪૫ હજાર જેટલો દંડ વસુલ્યો છે.

મેલેરિયાતંત્રની ટીમો દ્વારા મચ્છરોની ઉત્પત્તિ શોધવાના અભિયાનના બીજા તબક્કામાં એક જ દિવસમાં રૂ. ૪૫ હજારનો દંડ કન્સ્ટ્રકશન સાઈટોના સંચાલકોને ફટકારવામાં આવતાં બિલ્ડર લોબીમાં સોંપો પડી જવા પામ્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ કન્સ્ટ્રકશન સાઈટોને ૩ વખત નોટીસ બજાવાયા પછી પણ મચ્છરોની ઉત્પત્તિ રોકવામાં ન આવતાં આજે તંત્રની ટીમે આ દંડ ફટકાર્યો છે અને નોટીસ આપી છે. હજુ પણ આગામી દિવસોમાં વધુ આકરા પગલાં લેવામાં આવશે તેવી ચેતવણી પણ તંત્રએ ઉચ્ચારી છે.

નવ જેટલી કન્સ્ટ્રકશન સાઈટોને દંડ ફટકારવામાં આવ્યો છે. આ કન્સ્ટ્રકશન સાઈટો સુઘડ પ્રા.આ. કેન્દ્રના વિસ્તારમાં કાર્યરત છે. જિલ્લામાં સૌથી વધુ કન્સ્ટ્રકશન સાઈટો આ વિસ્તારમાં છે. તંત્રની ટીમોએ કલોલની એક કન્સ્ટ્રકશન સાઈટ અને દહેગામના નાના એકમો પાસેથી પણ દંડ વસુલ્યો છે.

જિલ્લામાં હાલમાં વરસાદનું જોર ઘટ્યુ છે અને મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ બની રહ્યુ છે ત્યારે જ તંત્રએ લાલ આંખ કરી અને જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે આકરા પગલાંઓ લેવાનું શરૂ કર્યુ છે.

ગત સપ્તાહે જ તંત્રે તેની ખાસ ઝુંબેશ દરમ્યાન ૧૦૦થી વધુ એકમોને નોટીસ આપી હતી અને ૬ હજારથી વધુ સ્થાનોએ પોરાનાશક કામગીરી કરી હતી જે ઉલ્લેખનીય છે.

ખૂણેખાંચરેથી

- નિવૃત્ત અધિક સચિવ કે. ડી. મહીડાનું આજે સવારે દુઃખદ નિધન થયું છે. તેઓ સચિવાલયમાં લોકપ્રિય અધિકારી તરીકેની નામના ધરાવતા હતા.
- ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક યાદવ રજા પર જતાં તેમનો ચાર્જ નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલને સોંપવામાં આવ્યો છે.
- રાજ્યના પંચાયત વિભાગના એ.સી.એસ. અને વિકાસ કમિશનરે આજે વિડીયો કોન્ફરન્સ દરેક જિલ્લા વિકાસ અધિકારી સાથે કરી પંચાયતોની કામગીરીની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાને આજે તાલુકા વિકાસ અધિકારીઓની બે મહિના બાદ સમીક્ષા બેઠક રાખી છે.
- ગાંધીનગર સચિવાલય સંકુલમાં સામાન્ય વહીવટ વિભાગ અને આરોગ્ય કમિશનરની કચેરી કોરોના માટે સૌથી વધુ સંવેદનશીલ કચેરીઓ બની ઉભરી છે.
- જિલ્લાના માણસા તાલુકામાં આજે બપોરના સમયે પાંચ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. જો કે જિલ્લામાં આજે ગરમીનું પ્રમાણ પણ સારૂ એવુ જોવા મળ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લાના આજે વિધિવત્ પ્રવાસે ભાજપના પ્રદેશ પ્રમુખ આવી રહ્યા છે. તેમના સ્વાગત માટે તડામાર તૈયારીઓ શરૂ કરાઈ છે.

ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખપદે એસપીજી ગૃપના શક્તિભાઈ પટેલની નિમણૂંક

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા યુવા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખપદે શહેરના પાટીદાર યુવા અગ્રણી શક્તિભાઈ પટેલની નિમણૂંક થવા પામી છે. જેના પગલે યુવા કોંગ્રેસમાં પ્રસન્નતાની લહેર પ્રસરતી જોવા મળી રહી છે. રાયસણ ગામના વતની અને સરદાર પટેલ ગૃપ-એસપીજીના પાયાના કાર્યકર તરીકે સંગઠનના કાર્યમાં પાવરધા શક્તિભાઈ પટેલની નિમણૂંક ગુજરાત યુથ કોંગ્રેસના પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે ઓલ ઈન્ડિયા યુવા કોંગ્રેસ તથા પ્રદેશ યુથ પ્રભારીની મંજૂરીથી કરવા સાથે તેમને સંગઠનની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવા શુભેચ્છાઓ પાઠવી છે.

ગુજરાતમાં ભાજપાના લાંબા સમયના શાસનથી યુવા વર્ગને સૌથી વધુ નુકશાન થયું હોવાનું માનતા યુથ કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા

એસપીજી ગૃપના સંગઠનના કાર્યમાં માહેર શક્તિભાઈની નિમણૂંકને વધાવવામાં આવી છે. ગાંધીનગરના રાંદેસણ ગામના વતની સેવાદળના પાયાના આધારસ્તંભ હોવા સાથે જિલ્લાના યુવાનોમાં લોકપ્રિય વ્યક્તિત્વ ધરાવતા શક્તિભાઈ પટેલ અત્યારે યુથ કોંગ્રેસમાં ચાલી રહેલા મેમ્બરશીપ અભિયાનને આગળ ધપાવશે. કોંગ્રેસ દ્વારા યુવાનોને રોજગારી, શિક્ષણ આપવા શરૂ કરાયેલી રાજયવ્યાપી લડતમાં યુવાનોને કોંગ્રેસમાં યોગ્ય સ્થાન મળી રહે તે માટે પણ તેઓ કાર્યરત બનશે. શક્તિભાઈ પટેલને ગાંધીનગર જિલ્લાના ત્રણેય કોંગ્રેસી ધારાસભ્યો, જિલ્લાના આગેવાનો તેમજ કોર્પોરેટર્સે આવકારતા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

સુઘડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દશેલા ખસેડવાની દરખાસ્ત મંજૂર

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ કારોબારી સમિતિની બેઠકમાં સુઘડનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખસેડી દશેલા બનાવવા સહિત ૧૫ જેટલા દવાખાના અને એક ડિસ્પેન્સરી નવા ગામોની પસંદગીને મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત કલોલ અને માણસાની હદમાં થયેલા ફેરફાર પછી પણ કરવાના થતા ફેરફારોની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

અમૃતાબેન ઠાકોરના અધ્યક્ષપદે મળેલ કારોબારી સમિતિની આજની બેઠક થોડીક જ મિનિટોમાં સંપન્ન થઈ જવા પામી હતી. આ બેઠકમાં આરોગ્ય કમિશનરનો પત્ર તેમજ કલોલ-માણસાની હદના ફેરફારના મહેસુલ વિભાગના પત્રના અનુસંધાને આ દરખાસ્તો આરોગ્ય વિભાગે તૈયાર કરી હતી અને આ ખાસ બેઠક બોલાવી તેને બહાલી અપાઈ હતી.

હવે વહીવટીતંત્ર દ્વારા આ દરખાસ્ત સરકારને મોકલશે. સરકારની મંજૂરી મળ્યા બાદ કર્મયોગીઓ પાસેથી વિકલ્પો મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. દરમ્યાન સરકાર ગાંધીનગર તાલુકાના આરોગ્ય કેન્દ્રોની સેવાઓ સ્થગિત કરી અને મનપાને હસ્તાંતરણ કરશે. આ વહીવટીય પ્રક્રિયામાં ૮ થી ૧૨ માસ જેટલો સમય લાગશે તેમ મનાઈ રહ્યું છે.

કોરોના કાળમાં પરીક્ષા પધ્ધતિમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે. અનેક વખત પાછળ ઠેલાયેલી એલએલબીના ફાઈનલ સેમેસ્ટરની પરીક્ષાનો આખરે પ્રારંભ થયો છે. સેકટર-૨૮ સ્થિત સમર્પણ કોલેજ ખાતે માસ્ક, સેનેટાઈઝરના ઉપયોગ સાથે અને સોશ્યલ ડીસ્ટન્સ મેઈનટેન કરી આ પરીક્ષા યોજવામાં આવી હતી.

ધણપથી ૧૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો : રણાસણ પાસેથી ૯ બોટલ દારૂ સાથે યુવક પકડાયો

ગાંધીનગર, તા.૩

ચિલોડા નજીક આવેલા ધણપ ગામે એક ઘરમાંથી પોલીસે ૧૪ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. ધણપ જાલુભાના માઢ ખાતે એક મકાનમાંથી મીણીયાની થેલીમાંથી વિદેશી દારૂ પોલીસને મળી આવ્યો હતો. પોલીસે દારુ, મોબાઈલ મળી કુલ રૂ.૯૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ધણપ ગામે જાલુભાના માઢ ખાતે રહેતા રાહુલસિંહ દિપસિંહ રાણાના ઘરે રેઈડ પાડી ચિલોડા પોલીસે ૧૪ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. યુવકે ઘરમાં મીણીયાની થેલીમાં સંતાડેલો દારૂ મળી આવ્યો હતો. યુવક દારૂ ક્યાંથી લાવ્યો હતો અને અને તેની સાથે અન્ય કોઈ વ્યકિત સામેલ છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરુ કરી છે. ચિલોડા પોલીસે રૂ.૬૩૭૦ની કિંમતની ૧૪ બોટલ વિદેશી દારૂ તેમજ રૂ.૩૫૦૦ કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૯૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજીબાજુ રણાસણ સર્કલ નજીકથી ચાલતા જતા એક યુવક પાસેથી ડભોડા પોલીસે ૯ બોટલ દારૂની ઝડપી પાડી છે. પોલીસે શંકાસ્પદ લાગતા યુવકને રોકીને થેલો ચેક કરતા દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે યુવકનું નામ પુછતા તે રાજસ્થાનનો રીતીક લક્ષ્મણજી ગુજજર (ઉ.૧૯) હોવાનું સામે આવ્યું હતું.

અડાલજ મહારાજા હોટલ સામે જોખમી રીતે વાહનચાલકો માર્ગ ઓળંગે છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ મહારાજા હોટલ સામે માર્ગ વચાળે આવેલી જાળીમાંથી વાહનચાલકો-તેમજ

પશુઓ અચાનક આવી જતા અકસ્માત સર્જાય છે. જેને પગલે સ્થાનિક પોલીસે વાહન ચાલકો જે સ્થળ થી આવન જાવન કરતા હતા તે જગ્યાએ જાળી લગાવી બંધ કરી દીધી હતી. પરંતુ સ્થાનિક નાગરીકો જાણે હમ નહી સુધરેગે ની જેમ આડશ માટે મુકેલી જાળી દુર કરીને નાગરીકો જોખમી રીતે માર્ગ ઓળંગે છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર-સરખેજ માર્ગ પર રોજના હજ્જારો વાહનો પસાર થાય છે. અડાલજ થી મહેસાણા તરફના માર્ગ પર વાહનોનો ટ્રાફિક પણ સવિશેષ હોય છે. ત્યારે આ માર્ગ ચકાચક હોવાથી વાહનો ફુલ સ્પીડે દોડતા નજરે પડે છે. ત્યારે અડાલજ મહારાજ હોટલ સામે જાળી લગાવેલી છે. ત્યારે આ જાળીમાંથી સ્થાનિક નાગરીકો ટુ-વ્હીલર લઈને આવન જાવન કરતા નજરે પડે છે. જયારે કેટલીક વખત અચાનક આ કટમાંથી પશુઓ પણ આવી જતા નાના મોટા અકસ્માત સર્જાય છે. તો કેટલાક નાગરીકો પણ માર્ગ ઓળંગતી સમયે વાહનોની ઝપટે ચડી જતા મૃત્યુંને ભેટ્યા છે. જેથી અડાલજ કટ પાસે વાહનચાલકોની તેમજ નાગરીકોની સલામતી માટે સ્થાનિક પોલીસે જાળી ફીટ કરી હતી, તો બીજીબાજુ દોરી બાંધી હતી. જેથી અકસ્માત ના સર્જાય તે માટે વ્યવસ્થા ઉભી કરાઈ હતી. તેમ છતા કેટલાક નાગરીકો અને વાહન ચાલકો આ જાળી ખોલીને તેમાંથી પસાર થતા નજરે પડે છે. અડાલજ કટ પાસે નાગરીકો અને વાહનચાલકો જોખમી રીતે માર્ગ ઓળંગી રહ્યા છે. ત્યારે વાહનચાલકો સામે સ્થાનિક પોલીસ કાયદેસરની કાર્યવાહી કરે તો નવાઈ નહી.

માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂંક

ગાંધીનગર, તા. ૩

ગૃહ અને કાયદા રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં રાજ્ય માનવ અધિકાર આયોગની

રચના કરવામાં આવી છે. તેના અધ્યક્ષ તરીકે ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસ રવિકુમાર ત્રિપાઠીની નિમણૂંક થતા આજે તેઓએ તેમના હોદ્દાનો ચાર્જ સંભાલી લીધો છે.

માનવ અધિકાર આયોગના અધ્યક્ષ રવિકુમાર ત્રિપાઠીને અભિનંદન આપતા ગૃહ અને કાયદા રાજ્ય મંત્રી જાડેજાએ ઉમેર્યુ કે રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે મણીપુર હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અભિલાષાકુમારીની નિમણૂંક કરવામાં આવી હતી, પરંતુ ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા તેઓની લોકપાલ કમિટિ ઓફ ઈન્ડીયાના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવતાં તેઓએ ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે રાજીનામુ આપતાં આ જગ્યા ખાલી રહેલ હતી. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્તિ માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલ પસંદગી સમિતિની ભલામણને ધ્યાને લઈ, ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રવિકુમાર ત્રિપાઠીની ત્રણ વર્ષ સુધીની મુદત માટે નિમણૂંક કરવામાં આવી છે.

એન્ટી બોડી લુપ્ત થતા ફરીથી કોરોના સંક્રમણ થવાનો ભય

અમદાવાદ,તા.૦૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ૧૦,૦૦૦ લોકો પર સર્વે કરવામાં આવ્યો હતો. આ સીરો સર્વેમાં અગાઉ કરેલા સર્વેની પોઝિટિવિટી ૧૭.૬૧ ટકાથી વધીને ૨૩.૨૪ ટકા સીરો પોઝિટિવિટી સામે આવી છે. આમ દોઢ મહિનામાં હર્ડ ઈમ્યુનિટી તરફની પોઝિટિવિટી વધી છે. જે લોકો અગાઉ કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યા છે તેમના પર પણ એન્ટી બોડીનો સર્વે કરવામાં આવ્યો હતો.

જેમાં ૪૦ ટકા લોકોમાં એન્ટી બોડી લુપ્ત થયેલી જોવા મળી હતી, જેથી ફરીથી તેઓ કોરોના સંક્રમણનો ભોગ બની શકે છે. શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ૧૦,૦૦૦ લોકો પર સર્વે કરવામાં આવ્યો હતો.આ સીરો સર્વેમાં અગાઉ કરેલા સર્વેની પોઝિટિવિટી ૧૭.૬૧ ટકાથી વધીને ૨૩.૨૪ ટકા સીરો પોઝિટિવિટી સામે આવી છે. આમ દોઢ મહિનામાં હર્ડ ઈમ્યુનિટી તરફની પોઝિટિવિટી વધી છે. જે લોકો અગાઉ કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યા છે તેમના પર પણ એન્ટી બોડીનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ ટકા લોકોમાં એન્ટી બોડી લુપ્ત થયેલી જોવા મળી હતી, જેથી ફરીથી તેઓ કોરોના સંક્રમણનો ભોગ બની શકે છે.પોઝિટિવ કેસના સંપર્કમાં આવેલા લોકોમાં સીરો પોઝિટિવિટી ૩૧.૯૨ ટકા સામે આવી છે.

કોરોના મહામારી ના કારણે તીર્થ પર્યટન મથકનું અર્થતંત્ર સંકટમાં

પ્રભાસ પાટણ,તા.૦૩

ભારતના બાર જ્યોતિર્લિંગ પ્રથમ અને વિશ્વ પ્રવાસીઓના માનીતા પર્યટન મથક તીર્થ ભૂમી સોમનાથ અને તેની આસપાસના ધંધા રોજગારોને વૈશ્વીક મહામારી કોરોનાનું ગ્રહણ ગ્રસી ગયું છે. માર્ચ મહિનાથી જ સોમનાથ મંદિરની આસપાસ-બાયપાસ અને ગામોમાં યાત્રીકો પ્રવાસીઓથી ધમધમતા ગેસ્ટહાઉસમાં સુનકાર ભાસે છે. સોમનાથ શોપીંગ કોમ્પ્લેક્ષના

ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ના છેલ્લા વર્ષની પરીક્ષાનો પ્રારંભ થયો છે. સમર્પણ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે શરૂ થયેલી આ પરીક્ષાના પ્રારંભે સમગ્ર સંકુલને સેનેટાઈઝ કરવામાં આવ્યું હતું. વર્ગખંડોને પણ સેનેટાઈઝ કરી વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. સોશ્યલ ડીસ્ટન્સ સાથે આ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે લેવાઈ રહી છે.

લક્ષ્મણ જેઠવા કહે છેકે દર વર્ષે અમારે શ્રાવણ મહિનો વેકેશન વર્ષભરની કમાણી સિઝન હોય છે. જે સાવ ઠપ છે.ભાગ્યે જ કોઈ રળ્યો ખળ્યો ગ્રાહક દુકાને આવે છે. નવરાશ એટલી બધી છે કે હું રામાયણ અને મહાભારત વાંચી પસાર કરું છું. રામેશ્વર, કલકત્તા, મુંબઈ, આગ્રા, હરદ્વાર, જયપુર જઈ શંખ અને તેની બનાવટોના તોરણો, પંચધાતુની મુર્તીઓ, પીત્તળનો પૂજા સામાન, આભલા વાળાં પર્સ ત્યાં જઈ જથ્થાબંધ ખરીદી કરવા જતાં વેપારીઓ પણ મુશ્કેલીમાં છે અને કહે છે કે ગ્રાહક નથી તો માલ શું લાવવો. સોમનાથનાં દરિયાકાંઠે પ્રવાસીઓને કેમલ અને ઘોડે સવારી મુસાફરી કરાવતા ચાલકો સાવ નવરા ધૂપ છે. તો સોમનાથ મંદિર પાસે અને દરિયા કાંઠે નાળીયેર, બાળકોનાં ચશ્માંવાળા બધાં મુંઝાયા છે. આમાં કરવું શું અને હવે તો લાગવા જ મંડ્યું છે કે કાહે મનવા દુઃખ કી ચિંતા હૈ, દુઃખ તો અપના સાથી હૈ. કેટલાક લોકો તો હવે મકાનના પ્લાસ્ટરનો ધંધો શરુ કર્યો છે તો અન્ય પર્યટન સ્થળનો ધંધો ત્યજી મજુરીકામે વળગી ગયાં છે.

શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ
CIN: L67120GJ1994PLC115132
રજીસ્ટર્ડ ઓફીસ : યુનિટ નં. ૬૦૪ એ-બી ૬૦૫ એ-બી, છઠ્ઠો માળ, ટાવર એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ગિફ્ટ સિટી, બ્લોક-૫૧ ઝોન-૫, રોડ ૫૬ ગિફ્ટ સિટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫
ફોન: +૯૧-૧૧-૪૩૦૧૧૦૦૦; વેબસાઇટ: www.shareindia.com ઇમેલ: vikas_cs@shareindia.com

સભ્યોને નોટીસ
૨૬મી વાર્ષિક સામાન્ય સભા સંબંધિત માહીતી

આથી શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ (કંપની)ની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) બુધવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય દ્વારા જારી કરાયેલ (એમસીએ પરિપત્રો) સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રિલ,૨૦૨૦ અને પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫ મે, ૨૦૨૦ અને સિક્યોરટીઝ અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ (સેબી પરિપત્ર) પરિપત્ર નં. SEBI/HO/CFD/ CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨ મે, ૨૦૨૦ અંતર્ગત જણાવેલ એજીએમ બોલાવતી નોટીસમાં જણાવેલ કાર્યો પાર પાડવા માટે યોજાશે.

જણાવેલ એમસીએ પરિપત્રો મુજબ ૨૬મી એજીએમની નોટીસ તેમજ વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ જે સભ્યોના ઇમેઇલ એડ્રેસ કંપની / ડિપોઝીટરી પાસે રજીસ્ટર્ડ છે તેમને ફક્ત ઇલેક્ટ્રોનિક રીતે જ મોકલવામાં આવી રહ્યા છે. આથી જે સભ્યોએ તેમના ઇ-મેઇલ એડ્રેસો રજીસ્ટર્ડ કરાવ્યા નથી તેમને તેમના લાગતા વળગતા ડિપોઝીટરી પાર્ટીશીપન્ટ દ્વારા તે રજીસ્ટર કરાવવા વિનંતી છે.

૨૬મી એજીએમની નોટીસ કંપનીની વેબસાઇટ www.shareindia.com પર અને સ્ટોક એક્સચેન્જ એટલેકે બીએસઇ લીમીટેડની વેબસાઇટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

કંપની તેના સભ્યોને મત આપવા માટે સેન્ટ્રલ ડિપોજીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) દ્વારા એજીએમ પહેલા અને એજીએમ દરમિયાન રીમોટ ઇ-વોટીંગ સવલત પુરી પાડી રહી છે. ઇ –વોટીંગની વિગતવાર પ્રક્રિયા એજીએમમાં જણાવેલ છે. સભ્યો જેમના ઇ-મેઇલ આઇડી કંપની / ડિપોઝીટરી પાસે રજીસ્ટર્ડ નથી તેઓ ડીમેટ એકાઉન્ટ વિગતો (સીડીએસએલ-૧૬ અંકનો લાભાર્થી આઇડી અથવા એનએસડીએલ -૧૬ અંકનો ડીપીઆઇડી સીએલઆઇડી), નામ, ક્લાઇન્ટ માસ્ટર અથવા સંયુક્ત એકાઉન્ટ નિવેદનની નકલ, પેન(પેન કાર્ડની સ્વપ્રમાણીત નકલ), આધાર (આધાર કાર્ડની સ્વપ્રમાણીત સ્કેન્ડ નકલ) કંપનીના ઇમેઇલ આઇડી અથવા આરટીએ એટલે કે અનુક્રમે vikas_cs@shareindia.com અથવા bssdelhi@bigshareonline.com પર મોકલીને ઇ-વોટીંગ માટે લોગીન ઓળખો મેળવી શકે છે. કંપની / આરટીએ સીડીએસએલ સાથે સમન્વય કરીને ઉપર જણાવેલ શેરહોલ્ડરોને લોગીન ઓળખો પુરી પાડશે.

ઉપરોક્ત માહીતી કંપનીના તમામ સભ્યોની જાણકારી અને લાભાર્થે જારી કરાઇ છે.

શેર ઇન્ડિયા સિક્યોરિટી લીમીટેડ વતી
સહી/ -
વિકાસ અગ્રવાલ
કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારી

સ્થળ : દિલ્હી
તારીખ : ૦૩.૦૯.૨૦૨૦

vodafone !dea

વોડાફોન આઈડિયા લિમિટેડ
(અગાઉની આઈડિયા સેલ્યુલર લિમિટેડ)
CIN: L32100GJ1996PLC030976
નોંધણીકૃત કાર્યાલયઃ સુમન ટાવર, પ્લોટ નં. 18, સેક્ટર–11, ગાંધીનગર – 382 011, ગુજરાત
ઈમેઈલઃ shs@vodafoneidea.com વેબસાઈટઃ www.vodafoneidea.com
ફોનઃ +91–79–66714000 ફેક્સઃ +91–79–23232251

વિડિયો કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓવીએએમ) / બુક ક્લોઝર થકી યોજાનારી પરચીસમી વાર્ષિક સાધારણ સભાની સૂચના

અત્રે **સૂચના** આપવામાં આવે છે કે વોડાફોન આઈડિયા લિમિટેડ (અગાઉની આઈડિયા સેલ્યુલર લિમિટેડ) (''કંપની'')ના સભ્યોની પચ્ચીસમી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) **બુધવાર, 30મી સપ્ટેમ્બર, 2020ના રોજ બપોરે 2.30 કલાકે (ભારતીય સમય પ્રમાણે)** એજીએમની સૂચનામાં આપ્યા મુજબ કામકાજ કરવા માટે વિડિયો કોન્ફરન્સ (''વીસી'') / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (''ઓએવીએમ'') થકી યોજાશે.

એજીએમ સામાન્ય સ્થળે સભ્યોની પ્રત્યક્ષ હાજરી વિના સેબી પરિપત્રક તારીખ 12મી મે, 2020 સાથે વાંચતાં કોર્પોરેટ બાબતોના મંત્રાલય (''એમસીએ પરિપત્રકો'') અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમન 2015 (''લિસ્ટિંગ નિયમન'') દ્વારા જારી અનુક્રમે તારીખ 8મી એપ્રિલ, 2020, 13મી એપ્રિલ, 2020 અને 5મી મે, 2020ના પરિપત્રકો સાથે વાંચતાં કંપની ધારા 2013 (''ધારા'') અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોની લાગુ જોગવાઈઓ અનુસાર યોજાશે.

એમસીએ અને સેબી દ્વારા લિસ્ટેડ કંપનીઓને તિથિ વર્ષ 2020 દરમિયાન પ્રવર્તમાન કોવિડ–19 મહામારીની સ્થિતિ અને પ્રત્યક્ષ નકલો મોકલવામાં સંકળાયેલી મુશ્કેલીઓના ઉપલક્ષ્યમાં શેરહોલ્ડરોને ઈમેઈલથી જ એજીએમની સૂચના અને વાર્ષિક અહેવાલ મોકલવાની મંજૂરી આપી છે. એજીએમની સૂચના સાથે વાર્ષિક અહેવાલ શેરહોલ્ડરોએ ડિપોઝિટરી સહભાગી / કંપની પાસે નોંધાવી હોય તે ઈમેઈલ આઈડીઓ પર ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી મોકલવામાં આવશે.

25મી એજીએમની સૂચના અને નાણાકીય વર્ષ 2019–20નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ **www.vodafoneidea.com**, શેરબજારો, એટલે કે, બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટો અનુક્રમે **www.bseindia.com** અને **www.nseindia.com** પર અને નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (''એનએસડીએલ'')ની વેબસાઈટ **https://www.evoting.nsdl.com** પર પણ ઉપલબ્ધ થશે. એજીએમ દરમિયાન રિમોટ ઈ–વોટિંગ અને ઈ–વોટિંગ માટે એનએસડીએલ સાથે કંપની દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

એજીએમમા જોડાવા માટે સૂચનાઓ અને એજીએમમા રિમોટ ઈ–વોટિંગમાં ભાગ લેવાની અને ઈ–વોટિંગ થકી મત આપવાની પદ્ધતિ એજીએમની સૂચનામાં આપવામાં આવી છે. વીસી / ઓવીએએમ સુવિધા થકી ભાગ લેનારા સભ્યોનો ધારાની કલમ 103 હેઠળ ક્વોરમ ધ્યાનમાં લેવા માટે ગણતરીમાં લેવાશે.

ઈમેઈલ સરનામાં નોંધણી/અપડેટ કરવાની પદ્ધતિઃ

- પ્રત્યક્ષ માધ્યમમાં શેરો ધરાવતા હોય અને કંપની પાસે તેમની ઈમેઈલ આઈડી નોંધણી/અપડેટ નહીં કરાવી હોય તેવા શેરહોલ્ડરોને કંપની પાસે **shs@vodafoneidea.com** પર અથવા મેસર્સ બિગશેર સર્વિસીસ પ્રા. લિ. પાસે **investor@bigshareonline.com** પર તેમની ઈમેઈલ આઈડી ફોલિયો નંબરની વિગતો અને પેન કાર્ડની સ્વ–પ્રમાણિત નકલ જોડીને નોંધણી/અપડેટ કરવાની વિનંતી છે.
- ડીમટીરિયલાઈઝ્ડ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોને તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ પાસે તેમનાં ઈમેઈલ સરનામાં નોંધણી/ અપડેટ કરવાની વિનંતી છે.

શેરહોલ્ડરોની ઈમેઈલ આઈડી જો યુઝર આઈડી અને પાસવર્ડ પ્રાપ્ત કરવા માટે ડિપોઝિટરીઓ પાસે નોંધણી નહીં કરાઈ હોય અને આ સૂચનામાં આપ્યા મુજબ ઠરાવો માટે ઈ-વોટિંગ માટે ઈમેઈલ આઈડીની નોંધણીની પ્રક્રિયાઃ

1. જો શેરો પ્રત્યક્ષ માધ્યમમાં ધરાવતા હોય તો ફોલિયો નં. શેરહોલ્ડરનું નામ, શેર સર્ટિફિકેટની સ્કેન કરેલી કોપી (આગળ અને પાછળ), પેન (પેન કાર્ડની સ્વ–પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધાર કાર્ડની સ્વ–પ્રમાણિત સ્કેન કરેલી નકલ) **shs@vodafoneidea.com** પર ઈમેઈલ કરવાની વિનંતી છે.
2. જો શેરો ડિમેટ માધ્યમમાં ધરાવતા હોય તો કૃપા કરીને ડીપીઆઈડી–સીએલઆઈડી (16 આંકડાનો ડીપીઆઈડી + સીએલઆઈડી અથવા 16 આંકડાની લાભાર્થી આઈડી), નામ, ક્લાયન્ટ